ગાંધીનગર સમાચાર

શહેરમાં ધુમ સ્ટાઈલે વાહનો ચલાવતા
વિદ્યાર્થીઓ સાયકલ લઈ શાળાએ પહોંચ્યા

## @ગાંધીનગર

● હરિમંડળ દ્વારા બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન લક્ષ્મીનારાયણ મંદિર, હરિનગર સોસાયટી વાવોલ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સે-૧૬, એચડીએફસી બેંક ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી સવારે ૧૦.૦૦ કલાકે રકતદાન કેમ્પ યોજાશે.

● સે-૬ની સરકારી પ્રાથમિક શાળા ખાતે શહેરી કક્ષાનો રમતોત્સવ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરના માર્ગો પરની બિનઅધિકૃત જાહેરાતો હટાવાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના રાજમાર્ગો પરના વૃક્ષો તથા વીજ થાંભલાઓ પર ઘણા સમયથી કોમર્શીયલ જાહેરાતોના બેનર્સ, પોસ્ટર્સ અને વિવિધ અન્ય સામગ્રીએ ગેરકાયદેસર રીતે અડ્ડો જમાવ્યો હતો. આ કારણે જાહેર માર્ગો પરની સ્ટ્રીટલાઈટો માત્ર જાણે જાહેરાતનું માધ્યમ હોય તેવી હાલત થઈ જવા પામી હતી. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે આ અંગે સફાઈ ઝુંબેશ હાથ ધરી બિનઅધિકૃત જાહેરાતોને હટાવી દેવા માંડી છે. નગરના માર્ગો પરના વીજ થાંભલા તથા વૃક્ષો પર મનપા દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે.



નગરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પર મોટે ભાગે વિવિધ કોચીંગ કલાસીસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમ કેન્દ્રો, વિદેશ અભ્યાસ તથા વીઝા કન્સલટન્ટ સહિત અનેક વ્યાપારિક એકમ દ્વારા વિવિધ સાઈઝના બેનરોનો ખડકલો થઈ જવા પામ્યો હતો. વીજપોલ પર કોઈ પણ પ્રકારની અનુમતિ કે મંજુરી લીધા વગર જ વ્યવસાયિકો દ્વારા આ જાહેરાતો લગાડી દેવામાં આવી રહી છે. વળી વીજપોલ પર વિવિધ પોસ્ટર તથા સ્ટીકર્સ ચોંટાડીને પણ બિનઅધિકૃત રીતે જાહેરાતોનો મારો ચલાવાઈ રહ્યો છે. વળી નગરના મુખ્યમાર્ગો તથા જાહેર સ્થળો નજીકના વૃક્ષો પર પણ આ પ્રકારની જાહેરાતોની ભરમાર

**તંત્રએ સપાટો બોલાવતા બિન અધિકૃત બેનર્સ, પોસ્ટર્સ, સ્ટીકર્સ તથા ચોપાનિયા હટાવવા ઝુંબેશ હાથ ધરી : ઘ-૫થી ખ-૫ સુધીના આસપાસના તમામ વિસ્તારમાં જાહેરાતો હટાવાઈ**

જોવા મળી રહી છે. વૃક્ષો પર જાહેરાતોના હોર્ડિંગ્સ લગાડવા માટે બેદર્દીપૂર્વક લોખંડના મોટા ખિલ્લા પણ ઠોકી બેસાડાય છે જેના કારણે પર્યાવરણ પ્રેમીઓની લાગણી પણ દુભાય છે.

આજે તંત્ર એ આ પ્રકારના ગેરકાયદેસર કોમર્શીયલ જાહેરાતોના દબાણને હટાવવા કમર કસી હતી. આજે રોડ નં. ૫ પરથી તમામ વીજપોલ અને વૃક્ષો પરથી આ પ્રકારની બિન અધિકૃત જાહેરાતોના બેનર્સ, પોસ્ટર્સ, ચોપાનિયા, સ્ટીકર્સ તથા અન્ય સામગ્રીને હટાવી દેવાઈ છે. આ પ્રકારની જાહેરાતો વીજ થાંભલા પર હોવાથી વીજતંત્રના કર્મચારીઓને પણ સ્ટ્રીટ લાઈટનું મેન્ટેનન્સ કરવામાં ભારે તકલીફ પડી રહી હતી. જો કે અન્ય શહેરોની જેમ ગાંધીનગરમાં પણ તંત્રએ સ્ટ્રીટલાઈટ તથા બીજા માધ્યમોનો ઉપયોગ કરી નિયત ફોર્મમાં જાહેરાતો પ્રદર્શિત કરવા દઈ આવક ઉભી કરવી જોઈએ જેથી તેનો ઉપયોગ લોકહિત માટે કરી શકાય તેવું પણ અનેક નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે. તંત્ર દ્વારા આજના સફાઈ કાર્યને નગરજનો બિરદાવી રહ્યાં છે.

## વાતવાતમાં

● ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પ્રવેશ લેતા જ પીવાના ઠંડા પાણીની પરબ આવે છે. આ પાણીની પરબોથી કોઈ કારણસર વેડફાઈ રહેલ પાણીના રેલા છેક બહાર મુખ્યમાર્ગ સુધી આવી ગયા હતા.

● બુધવારે ચ-૫ સર્કલ નજીક એક શટલિયા રીક્ષામાં બેસવા જતા એક મુસાફરના ખિસ્સામાંથી તેનો મોબાઈલ પડી ગયો હતો. આ સમયે જ ત્યાંથી સ્કૂટી પર પસારથી થતી એક યુવતિના ધ્યાનમાં આવી જતા તુરંત જ પાછા ફરી રીક્ષા અટકાવી જણાવ્યું હતું. જેના કારણે મોબાઈલ ધારકે ગદગદ થઈ તેણીનો આભાર માન્યો હતો.

● ગાંધીનગરની વિવિધ શાળાઓમાં ટ્રાફિક પોલીસ દ્વારા ચાલી રહેલ ટ્રાફિક ડ્રાઈવ ગુરુવારે પણ ચાલુ હતી. આ ડ્રાઈવમાં વધુ ૪ વાહનો ડીટેઈન કરાયા છે તથા ૨૫ વાહન ચાલકોને દંડ ફટકારાયા છે.

● સે-૬-૧૨ની ચોકડી નજીક સાયકલ લઈને જતા વડીલ કાકા સાથે એક સ્કૂટી ચાલક ટીનેજર યુવતિ ભટકાઈ હતી. શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી પોલીસે અન્ડએજ ડ્રાયવરો સામે લાલ આંખ કરી છે તે હજુ ઘણી સઘન બનાવવાની જરૂરિયાત લાગે છે.

● સે-૭ ના પોલીસ સ્ટેશન સંકુલમાં નવી સ્ટ્રીટ લાઈટો તથા અદ્યતન સીસીટીવી કેમેરા લગાડાયા છે. હવે સંકુલમાં વધુ ચોકસાઈથી પોલીસની બાજ નજર રહેશે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## શહેરને 'સ્માર્ટ સીટી' બનાવવા ગાંધીનગર શહેરીજન સંસ્થા દ્વારા સુચનો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરને 'સ્માર્ટ સીટી' બનાવવા માટેના રચનાત્મક સુચનોની માંગણી કરવામાં આવેલ છે. તે નિમિત્તે સેકટર-૭ના શોપીંગ સેન્ટરે મહાનગરપાલિકાએ જાહેર સભાનું આયોજન કરેલ હતું. જેમાં ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના પ્રમુખશ્રી જે.જી. ભટ્ટે રચનાત્મક સુચનોની રજુઆત કરેલ હતી. જેમાં લાઈટ રેલ ટ્રાન્સમીટ સીસ્ટમ એટલે કે એલ.આર.ટી.એસ. ની રજુઆત કરી હતી. વળી મોટેરાથી ચ-૩ સુધીના રૂટ પર ચાર થી છ ડબ્બાની બસ શરૂ કરી શકાય અને મેટ્રો ટ્રેનના ત્રીજા ભાગના ખર્ચે બે વર્ષમાં જ આ પ્રોજેકટ પૂર્ણ થઈ શકે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે અમદાવાદ ગાંધીનગરને રેલ-રસ્તા થકી પ્રાથમિકતા આપવી જોઈએ જેની મુખ્યમંત્રી, મેયરશ્રી અને ડે. મેયરશ્રી સમક્ષ રજુઆત કરી છે.

સ્માર્ટ સીટી બનાવવા માટે દશ હજારથી વધુ ઝુંપડા દૂર કરવા, રખડતા ઢોર માટે ઢોરવાડો બનાવવો, રખડતા કુતરાને અહિંસક રીતે પકડવા, લારી ગલ્લા માટે યોગ્ય ગોઠવણીને મંજુરી આપવી જેવા અનેક વિવિધ મુદ્દાઓની સેકટર-૭-ડી શહેરીજન સંસ્થાના પ્રમુખશ્રી જે.જી. ભટ્ટે રજુઆત કરેલ હતી.

## સેકટરોને જોડતા માર્ગો અન્ડરગ્રાઉન્ડ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૧૦

પાટનગર તરીકે ગાંધીનગરનું આયોજન કરવામાં આવ્યું ત્યારે માત્ર ૭૦૦૦૦ની વસતી હતી અને તેને ધ્યાનમાં રાખીને વિકાસ કરવામાં આવેલ. આજે ૪૫ વર્ષ પછી પાટનગરની વસતી ત્રણ લાખને આંબી ગઈ છે તેને પહોંચી વળવા માટે પૂર્વ આયોજનનો શુન્યાવકાશ જણાય છે. દ્વિ-માર્ગી મુખ્ય માર્ગોને આજે છ માર્ગીય બનાવવાની ફરજ પડી છે. સે-૧ થી ૧૪ને નવા સેકટરો તરીકે વિકસાવવા પડયા છે. શહેરની ૫૦ ટકા વસ્તી નવા સેકટરોમાં વસે છે. પરિણામે નવા ગાંધીનગરનો પણ વિકાસ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ગાંધીનગરના જનમ વખતે માત્ર સરકારી વાહનો હતા જયારે આજે ૫૦૦૦૦ જેટલા વાહનો પાટનગરમાં બેફામ ગતિએ દોડતા થયા છે. વળી અન્ય જિલ્લામાંથી બહારથી આવતા વાહનોની સંખ્યા પણ ખુબ છે. પરિણામે બેસુમાર વાહનો વધતાં સલામતીનું જોખમ વધી ગયું છે. મૂળભૂત આયોજિત વ્યવસ્થા પ્રમાણે બે સેકટરોને જોડતા ક્રોસ રોડ અન્ડર ગ્રાઉન્ડ બનાવવાના હતા અનેક રજુઆતો વિવિધ સંસ્થાઓએ કરેલ હોવા છતાં કોઈ કાર્યવાહી થયેલ નથી. ખાસ કરીને વયસ્ક નાગરિકોની સલામતી જોખમાય તેવી પરિસ્થિતિ બની રહી છે. સે-૨૧ પોલીસ સ્ટેશન પાસે, પંચેદવ મંદિર, સે-૨૧, ૨૨ને જોડતા રોડ ઉપરનું નાળુ, સે-૧૦-૧૧ને જોડતું સુમનસીટી પાસેનું નાળું વગેરે દષ્ટાંતો છે પરંતુ આ યોજનાને અભેરાઈ ઉપર ચઢાવી દઈને સલામતીના પ્રશ્ને નિષ્ક્રિયતા બતાવવામાં આવી રહેલ છે તે પ્રશ્નની તાકીદે સમીક્ષા કરવાની અનિવાર્યતા છે. આજે જયારે પાટનગરની વસતી ચાર ગણી થઈ જવા પામી છે અને વાહનોનું પ્રમાણ અનેક ગણું વધી ગયું છે ત્યારે દરેક સેકટરને જોડતાં (સે-૭-૮) (સે-૬-૭) ક્રોસરોડને જોડતા અન્ડરગ્રાઉન્ડ રસ્તાઓ બનાવવાના પ્રશ્નને તાત્કાલિક જીવંત બનાવીને આખરી અંજામ અપાય તેવી પ્રજાની વિનંતી છે. ઉપરોકત અન્ડરગ્રાઉન્ડ રસ્તા માટે ગાંધીનગર વિકાસ પરિષદના કાર્યકારી પ્રમુખશ્રી જે.જી. ભટ્ટે મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને લેખિતમાં રજુઆત કરેલ છે.

## બીબીએ કોલેજ ખાતે ભવ્ય જોબ ફેરનું આયોજન

**જોબફેરમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓના કેમ્પસ ઈન્ટરવ્યુ લેવાયા : ૧૫ કંપનીઓ દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ**





ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા યુનિ.ના 'ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટિટયૂટ ઈન્ટરેકશન સેલ'-આઈઆઈઆઈસીના નેતૃત્વ હેઠળ સે-૨૩- ગાંધીનગર ખાતે યુનિ. કક્ષાના જોબફેરનું આયોજન થયું હતું. જેમાં યુનિ. સંલગ્ન ૧૨ કોલજના ૩૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ જોબફેરમાં રાષ્ટ્રીય સ્તરે કાર્યરત ૧૫ કંપનીઓ દ્વારા વિવિધ પ્રોફાઈલ માટે પ્રાથમિક કક્ષાના ઈન્ટરવ્યુ તેમજ સિલેકશન ટેસ્ટ કોલેજ કેમ્પસ ખાતે ગોઠવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રથમ તબક્કાનું આયોજન બ્રહ્માણી કૃપા હોલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ કંપનીના પ્રતિનિધિઓ દ્વારા જોબ પ્રોફાઈલ તેમજ આવશ્યક શૈક્ષણિક લાયકાત અને કાર્ય અનુભવ, જોબ ઓફર્સ તેમજ જોઈનીંગ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ હાજર રહેલા તમામ ઉમેદવારોને બીબીએ કોલેજના વિવિધ વર્ગોમાં કંપનીઓની વ્યકિતગત સીલેકશન પ્રક્રિયા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જોબફેરમાં વાર્ષિક ૧૦ થી ૧૫ લાખ જેટલા આકર્ષક પેકેજ સાથે નોકરીની ઓફર કરાઈ હતી. બેંકિંગ ક્ષેત્રમાં પણ ૧૫૦ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા તદઉપરાંત વિવિધ મેનેજમેન્ટ પોઝીશન માટે પણ ૧૫૦ વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. જેમાંથી પસંદ થયેલા ઉમેદવારોને સિલેકશન માટે કંપની ઓફીસ પર આવવા જણાવાયું હતું.

જોબફેરમાં કંપનીના પ્રતિનિધિઓ તરફથી જણાવવામાં આવ્યું હતું કે આ કાર્યક્રમના આયોજનથી તેમને એક જ સ્થાન પરથી પ્રતિભાશાળી ઉમેદવારો મેળવવાની ખૂબ સારી તક મળી હતી. હાજર રહેલા ૩૦૦ વિદ્યાર્થીઓને કુલ ૫૦૭ ઉમેદવારી નોંધાવવાની તક પ્રાપ્ત થઈ હતી તેમજ દરેક કંપનીને સરેરાશ ૩૫ કુશળ ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવાનો અવસર મળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. પ્રજ્ઞેશ નવલખા, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્ર ટીમે ખુબ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગરમાં ત્રીજીએ નાગર પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન

ગાંધીનગર, તા.૧૦

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપક્રમે તા. ૩જી જાન્યુઆરીના રોજ નાગર યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલનનું ઓગણીસમું આયોજન ગાંધીનગર ટાઉનહોલમાં કરવામાં આવેલ છે. આ સંમેલનમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તા. ૨૦મી ડીસેમ્બર સુધીમાં સંસ્થાના પ્રમુખશ્રી નરેશભાઈ રાજા-જેઠાભાઈની પોળ અમદાવાદ, શ્રી અરૂણભાઈ બુચ. ચેરમેનશ્રી-સે-૨૦, ફોન-૨૩૨૬૦૩૭૦, શ્રીમતી સુભાષ ભટ્ટ, સે-૨૭-ફોન-૨૩૨૧૦૧૯૨ અને શ્રી મહેશભાઈ રાવલ, પ્લોટ નં. ૭-ડી ટે.નં. ૨૩૨૩૩૦૬૭ ખાતે પહોંચતા કરવા જણાવેલ છે.

## રેશનલ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૦

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૨મી ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે મળશે. આ બેઠકમાં સર્વે સભાસદ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા સમાજના મંત્રી પંકજભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

## ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજનો સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા આગામી ૧૩મી ડિસેમ્બરના રોજ બપોરે ૧.૦૦ કલાકે સે-૬ સંત રોહિદાસ સ્મૃતિ મંદિર ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ અને તેજસ્વી તારલાઓના પાંચમા ઈનામ વિતરણ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાંચમા ઈનામ વિતરણ સન્માન સમારોહમાં નિવૃત્ત કર્મચારીને પણ સન્માનવામાં આવશે. આ પ્રસંગે સી.કે. પરમાર, ખોડીદાસ પરમાર, દલપતદાસ બાપુ, ઈશ્વરલાલ પરમાર, દેવજીભાઈ પરમાર, મુળચંદભાઈ રાઠોડ, શાંતિલાલ પટેલ, ચંદુલાલ રાજપાલ, કુંદનભાઈ રાઠોડ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં સમાજના તમામ સભ્યોને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

## શહેરમાં ધુમ સ્ટાઈલે વાહનો ચલાવતા વિદ્યાર્થીઓ સાયકલ લઈ શાળાએ પહોંચ્યા

ગાંધીનગર તા.૧૦

ગાંધીનગર શહેરમાં આવેલી શાળા કોલેજોમાં અભ્યાસ કરતાં હજ્જારો વિદ્યાર્થીઓ ધુમ સ્ટાઈલે વાહનો હંકારીને શાળાએ જતા હતા. બેફામ ગતિએ વાહનો હંકારતા આવા લબરમુછીયા વાહનચાલકો અન્ય નગરજનો માટે પણ માથાના દુખાવો બની ગયા હતા. શહેર ટ્રાફીક પોલીસે શાળાએ વાહનો લઈને આવતા વિદ્યાર્થીઓ સામે લાલ આંખ કરી છે. આજે સવારે શાળાએ વાહનો લઈને આવતા વિદ્યાર્થીઓ સાયકલ લઈને આવતા નજરે પડ્યા હતા. જયારે પોલીસની કાર્યવાહીને પગલે વિદ્યાર્થીઓને શાળાએ મુકવા માતા-પિતાએ પણ આવવું પડયું હતું.

ગાંધીનગર શહેરમાં શાળા-કોલેજો સહિત અનેક યુનિર્વસિટીઓ આવેલી છે. અત્યારે હાલના સમયે ગાંધીનગર કર્મચારી નગરમાંથી વિદ્યાનગરી બની ગયુંછે. દોઢ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓ શાળા- કોલેજોમાં અભ્યાસ કરેછે. ત્યારે દિવસ દરમ્યાન નગરમાં ચહલપહલ વધુ જોવા મળે

**પોલીસની લાલઆંખ જોઈ વિદ્યાર્થીઓની શાન ઠેકાણે આવી**

છે. શાળા તેમજ ટયુશનમાં આવન-જાવન માટે વાહનનો ઉપયોગ કરતા હોય છે. નગરમાં વિદ્યાર્થીઓ બેફામ ગતિએ વાહનો હંકારતા નજરે પડતા હતા. ધુમ સ્ટાઈલે વાહનો ચલાવીને નગરના અન્ય વાહનચાલકોને પણ નડતરરુપ બનતા હોય છે. નગરમાં પૈડા પરની જીંદગી જોખમી બની છે. શહેરમાં વગર લાયસન્સે ટુ-વ્હીલર, ગાડી ચલાવનારની સંખ્યા મોટા પ્રમાણમાં વધી ગઈ હતી. જેને પગલે શહેરમાંઅકસ્માતોના બનાવમાંવધારો થયો છે. ત્યારે શહેરની શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર પોલીસે દંડનીય કાર્યવાહીની શરુઆત કરી છે. શહેરમાં અચાનક પોલીસે લાલઆંખ કરતા કેટલાક વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા છે. કેટલાંક વિદ્યાર્થીઓ કાલે શાળામાં પોતાના ટુ-વ્હીલર મુકીને ઘરે ગયા હતા. શાળાએથી વાલીઓને વાહનો ઘરે લઈ જવાનો વારો આવ્યો હતો. પોલીસ અને શાળા સંચાલકોએ વિદ્યાર્થીઓના માતાપિતાને લાયસન્સ વગર વાહન ન આપવાનું સમજાવતા વાલીઓ માની ગયા હતા અને વાહનો ઘરે જઈ લોક કરી મુકી દીધા હતા. શાળા-કોલેજમાં નિયમિત વાહનો લઈને આવતા વિદ્યાર્થીઓ સાયકલ લઈને આવતા નજરે પડ્યા હતા. સાયકલ પર આવતા પોતાના મિત્રને જોઈ કેટલાંક મિત્રોએ હળવી મજાક પણ કરી હતી.

## ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડની રેલી યોજાશે

ગાંધીનગર તા.૧૦

ભારત સ્કાઉટ-ગાઈડની ગાંધીનગર જીલ્લા રેલી ગાંધીનગર શહેરને અડીને આવેલા શિવાલય ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ક-૭ વસંત વગડોની સામે ગાધીનગર માણસા હાઈવે ખાતે ૨૨અને ૨૩ ડિસેમ્બરનો રોજ યોજાશે. આ રેલીમાં જિલ્લાભરમાં આવેલી પ્રાથમિક,માધ્યમિક, સરકારી તેમજ બિનસરકારી શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે. આ બે દિવસીય રેલીમાં પીજંટ શો,ગાંઠોની સ્પર્ધા, નેચર એજ્યુંકેશન સહિત પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારત સ્કાઉડ ગાઈડની ગાંધીનગર જિલ્લાની આ પ્રવૃતિમાં બાળકોના ચારિત્ર્ય ઘડતરની સાથે દેશપ્રેમ,નિસ્વાર્થ સેવા ભાવના અને સંસ્કાર સિંચન કરવામાં આવે છે. આ જિલ્લા બે દિવસીય રેલીમાં આંમત્રિત મહેમાનોની હાજરીમાં કેમ્પ ફાયર સર્વધર્મ પ્રાર્થના,ધ્વજવંદન,અવલોકન,છાવણી નિરિક્ષણ,ગાંઠોની સ્પર્ધા,પીંજટ શો, સહિત એડવેન્ચર પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના આગણે આવેલા શિવાલય ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ક-૭ પાસે આ રેલી આયોજીત છે.ગાંધીનગર જિલ્લાભરના પ્રાથમિક, માધ્યમિક, સરકારી અને ખાનગી શાળાના બાળકોને આ પ્રવૃતિમાં જોડાવા માટે રેલીના સંચાલક યુવરાજસિંહ વાઘેલા મો. ૯૯૨૫૨૭૧૧૫૧,જિલ્લા મંત્રી અંજના ચૌધરી મો.૯૪૨૮૫૦૮૦૦૭ તેમજ રતિલાલ જોષી મો.૯૮૯૮૩૫૭૯૭૯ પર સંપર્ક કરી ૧૮-૧૨-૧૫ સુધીમાં મંજુરી મેળવી લેવાનું જણાવાયું છે.

# શહેરમાં ડસ્ટબીન કર વસુલીનું માધ્યમ બનાવાયું

**કરવેરો ભરાઈ ગયો હોવા છતાં રોકી રાખેલા ડસ્ટબીન ઘણા રહીશોને હજુ મળ્યા નથી, સેનેટરી વિભાગની ખો...**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને રહેણાંક વિસ્તારમાં કચરો એકઠો કરવા માટે બે પ્રકારના ડસ્ટબીન આપેલા છે. સ્વચ્છતા જળવાઈ રહે અને ઘરે ઘરે કચરો ઉપાડવા આવતી વાનને સરળતા રહે તે હેતુથી આ શ્રેષ્ઠ સુવિધા મકાન માલિકોને પૂરી પડાઈ છે. પરંતુ આ સ્વચ્છતા સંદર્ભને કરવસુલી સાથે સાંકળીને મકાન વેરો ભરેલ ન હોય તેવા રહીશોને ડસ્ટબીનથી વંચિત રખાયા છે. જેમાંથી કેટલાક રહીશોએ વેરો ભરપાઈ કરી દીધો હોવા છતાં આજ દિન સુધી આ ડસ્ટબીન ન.પા.એ આપ્યા નથી. તો બીજી તરફ સેનેટરી વિભાગ ડસ્ટબીન બાબતે હાથ અધ્ધર કરે છે. જેથી નગરજનોમાં તંત્રની કાર્યપધ્ધતિ સામે રોષ જોવા મળી રહ્યો છે.

સ્વચ્છતા ઝુંબેશને ધારી સફળતા પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને નગરમાં રહેણાંક વિસ્તારમાં બે પ્રકારના ડસ્ટબીનનું ઘેર ઘેર વિતરણ કર્યુ છે અને ૨૦૧૪માં આપવામાં આવેલા આ ડસ્ટબીનમાં સુકો અને ભીનો એમ અલગ અલગ કચરો એકઠો કરવા અને તેના નિકાલમાં પણ સરળતા ઉભી થાય તે માટેનું શ્રેષ્ઠ આયોજન આ રીતે કર્યું છે. પરંતુ




નપામાં મકાનવેરાની વસુલાત નબળી રહેતી હોવાથી ડસ્ટબીનને આધાર બનાવી જે મકાનનો વેરો ભરેલ ન હોય તેમને ડસ્ટબીન જે તે સમયે ન આપીને રોકી દેવાયા હતા. જેમાં સ્વચ્છતાનો રીતસર છેદ ઉડાડીને ફકત કરવસુલીને જ પ્રાધાન્ય અપાયું હોય તેવું ચિત્ર ઉપસ્યું હતું.

આવા ઘણા રહીશો ડસ્ટબીનથી વંચિત રહ્યા છે જે પૈકી ઘણા રહીશોએ તો મકાનવેરો ભરી લીધો હોવા છતાં આજ દિન સુધી ડસ્ટબીન અપાયા નથી. મકાનવેરા બાબતે ઘણા મકાનનો સર્વે કે અન્ય કારણ પણ નપા થકી જ ઉદભવિત હોવા છતાં સ્વચ્છતાના આ સાધનને રહીશોને અપાતું નથી. સ્વચ્છતા અભિયાન કે સ્માર્ટ સીટી અંગેના તંત્રના પ્રયાસોમાં ખાટલે જ ખોડ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કેટલા ડસ્ટબીન વિતરણ થયા કે કોના બાકી છે તેનો રેકોર્ડ જ નપા પાસે નથી તો સેનેટરી ઈન્સ્પેકટર ને રૂબરૂ મુલાકાતમાં પણ આ અંગે માંગણી થઈ છે જેમાં સ્ટોક ખલાસનું બહાના કાઢતા હોવાનું રહીશો જણાવી રહ્યા છે. સ્વચ્છતાના નામે થયેલી મોટા પાયે ડસ્ટબીનની ખરીદી બાદ તેના વિતરણ અને હિસાબો હાલ તો નગરજનો માંગી રહ્યા છે જેમાં વેરા ભરાયા પછી પણ ડસ્ટબીન રોકી રાખીને તંત્ર નગરજનોને અન્યાય કરી રહ્યું હોવાની લાગણી જન્મી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા ૧૯ વર્ષથી નિયમિત રીતે કરાઈ રહી છે. આ પવિત્ર નિઃસ્વાર્થ સેવા અવિરતપણે ચાલુ રાખેલ છે.

ગાંધીનગરના સરગાસણના અંતિમધામ ખાતે કાયમી ધોરણે અસ્થિકુંભ રાખવામાં આવેલ છે. આ અસ્થિકુંભ તા. ૧૨મી ડીસેમ્બરે સવારે અગિયાર વાગે દિવંગત આત્માઓના સદગતિ માટે અસ્થિઓનું વિસર્જન હરીદ્વાર ખાતે તા. ૧૪મી ડીસેમ્બરે કરવામાં આવશે.

આ દિવંગત આત્માઓના માનમાં પ્રાર્થનાસભાનું પણ આયોજન કરવામાં આવેલ છે. ગાંધીનગરના સે-૩૦ અંતિમધામ ખાતે તા. ૧૨મી ડીસેમ્બરે સવારે નવ વાગે પ્રાર્થના સભા યોજાશે જેમાં દિવંગત આત્માઓના સ્વજનોને હાજર રહેવા જણાવવામાં આવેલ છે. આ વખતની અસ્થિસેવામાં શહેર વસાહત મહામંડળના મુકસેવક ઉલ્લાસ વોરા, જે.કે. પટેલ, દીપુભાઈ વોરા ગાંધીનગર ખાતે તા. ૧૨ શનિવારે હરિદ્વાર મેલ મારફતે અસ્થિકુંભ લઈ પ્રસ્થાન કરશે. જેઓ અંતિમધામ ખાતે અસ્થિકુંભને વિદાય આપવા ઉપસ્થિત ન રહી શકે તેમ હોય તેઓએ ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતે ૧૦.૧૦ કલાકે અસ્થિકુંભના અંતિમ દર્શન માટે ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવે છે. ૩૭૫ સદગત આત્માઓના અસ્થિઓનું હરિદ્વાર ખાતે હરકિ પૌઢી ખાતે શાસ્ત્રોકત વિધિથી વિસર્જન કરાશે તેમ વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે જણાવેલ છે.